વડીલોનું માન, એજ આપણું સન્માન.
વડીલોને આરોગ્યની કોઈ પણ તકલીફ હોય નિઃસંકોચ
૧૦૮ ડાયલ કરો અને વહેલામાં
વહેલી તકે આપના તબીબ પાસે પહોંચો.
૧૦૮ મફત સેવા, સારવાર સૌના માટે.
108 ઈમરજન્સી
મેડિકલ પોલીસ આગ

।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।
JANMABHOOMI GROUP
# કચ્છમિત્ર
પાના ૧૨+૪=૧૬ ■ સંવત : ૨૦૬૬ ■ અષાઢ વદ ૫ ■ શનિવાર ■ તા. ૩૧/૦૭/૧૦ ■ કિંમત : રૂા. ૨.૫૦

Advisory Services for Equities, Commodities, National And International Currency Pairs
FINVIS FISCALS
A Financial Vision
Office : 4, Siddhivinayak Appt., Mundra Road, Bhuj - Kutch.
Mo. 9537812929, 231050, 230169. Website : www.finvisfiscals.com

KUTCHMITRA ■ BHUJ ■ 31-07-10 ■ SATURDAY ■ વર્ષ : ૬૪ ■ અંક : ૧૧ ■ ભુજ ■ Regd. No. G. KCH-3/2008-2011. ■ ફોન : ૨૫૨૦૯૦/૯૧ ■ ફેક્સ : ૨૫૦૨૭૧/૨૫૨૦૮૯. ■ RNI No. 1554/57 ■ Visit us at : www.kutchmitradaily.com

# સૌરાબુદીન કેસ ગુજરાત બહાર ચલાવો : સીબીઆઈ

## મોદી મેદાને પડ્યા ...



### 'ડરી જઈશું એમ રખે કોઈ માનતું : ગુજરાત રાષ્ટ્રઘાતી તત્ત્વો સામેનો જંગ જીતીને રહેશે'

ગાંધીનગર, તા. ૩૦ (અમારા પ્રતિનિધિ તરફથી) : ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કરતાં જણાવ્યું હતું કે, તેમનું સપનું ગુજરાતની જનતાની સેવા કરવાનું, ગુજરાતનો વિકાસ કરવાનું છે અને તેના માટે અવિરત કાર્યરત રહેશે, પરંતુ કોઈ એમ માનતું હોય કે નરેન્દ્ર મોદીને ડરાવીશું તો તેમને મારે કહેવું છે કે આ મોદી સત્યની સામે સોવાર ઝૂકવા તૈયાર છે પરંતુ જૂઠની સામે પૂરી તાકાતથી જંગ ખેલી લેશે. રાજકીય આટાપાટાના વિકૃત ખેલની લડાઈમાં ગુજરાતને ઊની આંચ નહીં આવવા દેવાય. ગુજરાતની જનતા (જુઓ પાનું ૪)

### 'ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસ સીબીઆઈના ઉમેદવારો ઊભા રાખશે'

## એક તીરથી બે નિશાન

**આનંદ વ્યાસ દ્વારા**

નવી દિલ્હી,તા.૩૦: સોહરાબુદીન કેસ અને કોંગ્રેસ તથા સીબીઆઈની ભૂમિકા અંગે અત્યાર સુધી મૌન ધારણ કરી રહેલા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આખરે પ્રથમ વળતો અને બેવડો પ્રહાર કર્યો છે. અમદાવાદમાં એક જાહેરસભાને સંબોધતાં તેમણે કહ્યું હતું કે ગુજરાતની ચૂંટણીમાં કોંગ્રેસ સીબીઆઈના ઉમેદવારો ઊભા રાખશે ! આવા આકરા કટાક્ષ સાથે નરેન્દ્રભાઈએ કોંગ્રેસ ઉપર આક્રમણ શરૂ કર્યું હતું. તેમણે અમિત શાહની ધરપકડ કે કોઈના નામનો ઉલ્લેખ પણ કર્યો ન હતો. આમ છતાં તીર નિશાન ઉપર લાગ્યું હતું. જે કોંગ્રેસ માટે ચિંતાનો વિષય બન્યું છે. કોંગ્રેસને અનુભવાઈ રહ્યું છે કે સૌરાબુદીન (જુઓ પાનું ૪)

નવી દિલ્હી, તા. ૩૦ (પીટીઆઈ) : સીબીઆઈ દ્વારા આજે બહુચર્ચિત સૌરાબુદીન એનકાઉન્ટર પ્રકરણની તપાસમાં પ્રગતિનો અહેવાલ બંધ કવરમાં સુપ્રીમ કોર્ટને સુપરત કરી દેવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાં કેસ ચલાવવા માટે નિષ્પક્ષતા સામે આશંકા વ્યક્ત કરવા સાથે કેસને રાજ્ય બહાર ખસેડવાની માગણી પણ કરવામાં આવી હોવાનું સમજાય છે. આ ઉપરાંત અન્ય બે મહત્વની માગણી તપાસ એજન્સી દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. જેમાં તપાસ પૂર્ણ કરવા માટે વધુ ત્રણ માસની મુદત ઉપરાંત તુલસી પ્રજાપતિ એનકાઉન્ટરની તપાસની સોંપણી પણ માગવામાં આવી હોવાનું માધ્યમોના હેવાલોમાં જાણવા મળે છે.



**સુપ્રીમમાં પ્રગતિ હેવાલ રજૂ : તુલસી પ્રજાપતિ કેસની તપાસ સોંપવા પણ માગણી : તપાસ માટે વધુ સમય માગ્યો**

સર્વોચ્ચ અદાલતના સૂત્રો દ્વારા જાણવા મળ્યા અનુસાર સીબીઆ દ્વારો બંધ કવરમાં તપાસનો વચગાળાનો પ્રગતિ અહેવાલ આજે આપી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે સીબીઆઈને આ અહેવાલ આપવા માટે ૩૧ જુલાઈ સુધીની સમયમર્યાદા આપી હતી. જે મુજબ એક દિવસ વહેલો જ અહેવાલ સોંપી દેવામાં આવ્યો છે. હવે તેની વિગતો ચકાસ્યા બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા કેસ ગુજરાત બહાર ચલાવવા અને તુલસી પ્રજાપતિની તપાસ પણ સીબીઆઈને સોંપવા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સૌરાબુદીન કેસમાં સીબીઆઈ દ્વારા ધરપકડ કરાયેલા ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ જ્યુડિશ્યલ કસ્ટડીમાં કેન્દ્રીય તપાસ એજન્સીને પૂછપરછમાં સહયોગ આપતા નથી ત્યારે તેમની પૂછતાછના વધુ એક દોરની જરૂર પડશે. સીબીઆઈએ સૌરાબુદીન કેસને સંલગ્ન હોવાથી તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસની તપાસ પણ પોતાને સોંપવાની માગ કરી હોવાનું મનાય છે. સીબીઆઈ આ ચર્ચાસ્પદ કેસમાં ગુજરાતના પ્રથમ આઈપીએસ અધિકારી ગીથા જોહરીને સમન્સ પાઠવી ચૂકી છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પૂછપરછ માટેની પણ હિલચાલ આદરી હોવાનું જાણવા મળે છે. મુખ્યમંત્રીની પૂછતાછ માટે એજન્સી તેના મુખ્યમથકની પરવાનગી માગે તેવી શક્યતા છે. ૨૦૦૫માં કથિત બનાવટી એન્કાઉન્ટરમાં સૌરાબુદીન માર્યો ગયો હતો અને ત્યારબાદ તેની પત્ની કૌસર બીનું પણ મોત થયું હતું. જો સીબીઆઈ નરેન્દ્ર મોદીની પૂછપરછ કરશે તો ચાલુ વર્ષે તપાસ એજન્સી દ્વારા બીજીવાર તેમની પૂછતાછ થશે અગાઉ ગુજરાત રમખાણ કેસમાં વિશેષ તપાસ ટીમ દ્વારા મોદીની પૂછપરછ કરાઈ હતી. સીબીઆઈ પોતાના નેટવર્કને વધુ વિસ્તૃત બનાવીને ખૂટતી કડીઓ મેળવવા માટે તમામ એંગલથી તપાસ કરી રહી છે. જેથી જેના ઉપર શંકા છે તે આઈપીએસ અધિકારીઓની પૂછપરછ કરી શકાય છે.




**બેડમિન્ટનમાં અપ્રતિમ સિદ્ધિ બદલ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન**

નવી દિલ્હી, તા. ૩૦ (પીટીઆઈ) : ભારતની ધરખમ મહિલા બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલની પસંદગી રમત ગમત ક્ષેત્રના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ માટે કરવામાં આવી છે.

પી.ટી. ઉષાના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય સ્પોર્ટ્સ એવોર્ડ (રાજીવ ગાંધી ખેલરત્ન, અર્જુન અને ધ્યાનચંદ) સમિતિની આજે મળેલી બેઠકમાં છેલ્લા એક વરસ દરમ્યાન સાઈનાએ બેડમિન્ટન કોર્ટમાં દાખવેલા અપ્રતિમ પ્રદર્શન બદલ તેને ખેલરત્ન એનાયત કરવાનો નિર્ણય લેવાયો હતો.

વિશ્વમાં નંબર બે ક્રમાંકે પહોંચેલી નેહવાલ શાનદાર ફોર્મ ધરાવે છે. માર્ચમાં ઓલ ઈંગ્લેન્ડ સુપર સિરીઝની સેમિફાઈનલમાં પહોંચ્યા પછી જૂનમાં લગાતાર ત્રણ (જુઓ પાનું ૪)

**આજના અંકમાં**

■ **કચ્છની માટી-માંથી સોનું પેદા કરનાર આશાપુરા :** વિશેષ લેખ માટે જુઓ પૂર્તિનું બીજું પાનું.
■ માંડવી-ગાંધીધામ તાલુકા કક્ષાના ગરીબ મેળામાં ૭૦૦૦ જેટલા લાભાર્થીઓને સહાય વિતરણ **-પાનું છેલ્લું**
■ રતનાલના ફાટકમેનની 'સુપારી' અપાઈ હતી **-પાનું છેલ્લું**
■ બાગમાં વ્યંઢળોએ ૫૮ હજારની લૂંટ કરી **-પાનું છેલ્લું**

### હિ પણ હિકડી ગાલ !

**-અશોક અદેપાલ**



'વાંચે ગુજરાત' અંતર્ગત તમારે આટલા પુસ્તકો વાંચવાના છે !!!'

**હવામાન**

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| ભુજ | ૩૩.૨° સે. | ૨૫.૪° સે. |
| નલિયા | ૩૧.૮° સે. | ૨૫.૪° સે. |
| કંડલા | ૩૩.૦° સે. | ૨૭.૨° સે. |
| માંડવી | ૩૧.૫° સે. | ૨૪.૦° સે. |

ભુજમાં ભેજનું પ્રમાણ સવારે ૯૨% સાંજે ૬૧%. પવનની ઝડપ ૮ કિ.મી. પ્રતિકલાક, દિશા : દક્ષિણ.

### તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસ

## ૯ પોલીસ અફસર સામે આરોપ

ગાંધીનગર, તા.૩૦ (અમારા પ્રતિનિધિ તરફથી) : દેશભરમાં ભારે ચર્ચા જગાવનારા સૌરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર કેસની સાથોસાથ વિવાદાસ્પદ બનેલા તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસ અંગેનું ચાર્જશીટ આજે સીઆઈડી ક્રાઈમે બનાસકાંઠા જિલ્લાની દાંતા કોર્ટમાં રજૂ કર્યું છે. ૧૦૦૦ પાનાની ચાર્જશીટ સાંયોગિક પુરાવા સહિત પાંચ સીડી પણ પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કરાઈ છે. આ

**દાંતા કોર્ટમાં રજૂ થયેલી ચાર્જશીટમાં અમિત શાહનું નામ નથી**

ચાર્જશીટમાં હાલ સાબરમતી જેલમાં રહેલા ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ સિવાય વિવિધ સંવર્ગના સાત પોલીસ અધિકારીઓ સામે આરોપો મુકાયા છે. ચાર્જશીટમાં દર્શાવેલ અધિકારીઓ સામે અપહરણ, કાવતરું અને હત્યાના આરોપો મુકાયા છે.

તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં તપાસ ચલાવી રહેલ સીઆઈડી ક્રાઈમે ૯૦ દિવસમાં (જુઓ પાનું ૪)

### પાકિસ્તાનમાં ભારે વરસાદ : મૃત્યુ આંક ૨૦૦ થયો

પેશાવર, તા. ૩૦ : પાકિસ્તાનમાં ધોધમાર વરસાદથી આવેલા પૂર અને જમીન ધસી પડવાનાં કારણે મૃતાંક ૨૦૦ નજીક પહોંચી ગયો હોવાના અહેવાલ છે. જ્યારે બીજા હજારો લોકો ઘરવિહોણા બની ગયા છે. પાકિસ્તાન કબજાના કાશ્મીર અને ઉત્તરપશ્ચિમ ભાગમાં પૂર પ્રકોપને કારણે ઘણાં મકાનો અને હજારો એકરમાં કરવામાં આવેલું વાવેતર તહસનહસ થઈ ગયું છે.

## કાશ્મીરમાં ફરી હિંસા : બે મોત

શ્રીનગર/નવી દિલ્હી, તા. ૩૦ (પીટીઆઈ) : કાશ્મીર ખીણમાં શાંતિ લાંબો સમય ન ટકતાં આજે ફરી ફાટી નીકળેલી હિંસાનાં પગલે પથ્થરમારો કરતાં દેખાવકાર ટોળા પર અંકુશ લાવવા સલામતીદળોએ કરેલા ખુલ્લા ગોળીબારમાં બે લોકોના મોત થયા હતાં. તો અન્ય ૫૦ ઘાયલ થયા હતા. આમ, ફરી વણસેલી પરિસ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારે પરિસ્થિતિ હજુ સામાન્ય બની ન હોવાનું સ્વીકારતાં જમ્મુ અને કાશ્મીરમાં તમામ સંલગ્ન પક્ષો સાથે શાંતમત્રણા માટે પ્રતિબદ્ધતા બતાવી હતી.

**તમામ સંલગ્ન પક્ષો સાથે શાંત ચર્ચાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા ચિદમ્બરમ**

જુલાઈ મહિના માટે પોતાનો રિપોર્ટકાર્ડ રજૂ કર્યા પછી અહીં પત્રકારો સાથે વાત કરતાં કેન્દ્રીય ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનું વલણ સદંતર સ્પષ્ટ છે. મેં તો શરૂઆતથી જ રાજ્યનાં તમામ જૂથો રાજકીય પક્ષો સાથે શાંતિપૂર્ણ મંત્રણાની તરફેણ કરી હતી. જમ્મુ અને કાશ્મીરમાં હુર્રિયત કોન્ફરન્સ સહિતનાં ભાગલાવાદી જૂથો સાથે ચર્ચા યોજવા કેન્દ્ર તૈયાર છે કે કેમ, તેવા સવાલના જવાબમાં ચિદમ્બરમે આ ટિપ્પણી કરી હતી. મેં રાજ્યના તમામ રાજકીય પક્ષો તેમજ વિવિધ જૂથોને (જુઓ પાનું ૪)

### રાજદની રાષ્ટ્રીય પક્ષ તરીકેની માનન્યતા રદ

નવી દિલ્હી, તા. ૩૦ (પીટીઆઈ) : બિહારમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે જ ચૂંટણી પંચ દ્વારા લાલુ પ્રસાદ યાદવના પક્ષ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ની રાષ્ટ્રીય પાર્ટી તરીકેની માન્યતા રદ કરી દેવાઈ છે.

પંચ દ્વારા પાંચ અન્ય પક્ષોની પણ રાજ્ય કક્ષાના પક્ષ તરીકેની માન્યતા રદ કરાઈ છે. ઝારખંડમાં રાજદના નબળા દેખાવને પગલે પંચે આ પગલું લીધું છે. રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મેળવવા માટે કોઈપણ પક્ષે કમ સે કમ ચાર રાજ્યમાં રાજ્યસ્તરના પક્ષ તરીકેની માન્યતા મેળવવી પડે. વાઈકોના વડપણ હેઠળના એમડીએમકેની પણ માન્યતા રદ કરાઈ હતી.




**દરિદ્ર દેવો ભવ :** કચ્છમાં શુક્રવારે ગાંધીધામ અને માંડવી તાલુકાના ગરીબ કલ્યાણ મેળા યોજાયા જેમાં નાણામંત્રી વજુભાઈ વાળા, રાજ્યમંત્રી વાસણભાઈ આહીર તથા પક્ષના ચૂંટાયેલા અગ્રણીઓ, પદાધિકારીઓના હસ્તે લાભાર્થીઓને વિવિધ પ્રકારની સહાય સેવા આપવામાં આવી હતી. તસવીરમાં જિલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ ભાનુશાલી, અનંતભાઈ દવે, જીવાભાઈ આહીર, ધારાસભ્યો નીમાબેન , ધનજીભાઈ સેંઘાણી, રમેશભાઈ મહેશ્વરી, નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશ ઝવેરી, ભાવેશ આચાર્ય અને અનિરુદ્ધ દવે વગેરે છે. (હેવાલ માટે જુઓ પાનું છેલ્લું, તસવીર : રાજેશ લાલવાણી, લતીફ હુશેન હુડા)

## ચાર્લ્સ શોભરાજને હત્યાનો અપરાધી ઠરાવતી નેપાળ સુપ્રીમ

કાઠમંડુ, તા. ૩૦ : નેપાળની સુપ્રીમ કોર્ટે આજે ચાર્લ્સ ગુરુમુખ શોભરાજને અપરાધી જાહેર કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદ પક્ષે 'બિકિની કિલર'ને ગુનેગાર ઠરાવવા માટે પૂરતા આધાર પુરાવા પૂરા પાડયા છે.

**૧૯૭૫માં અમેરિકી પર્યટકની હત્યાનો આરોપ : વીસ વરસની કેદ ફટકારી**

ન્યાયમૂર્તિ રામકુમાર પ્રસાદ શાહ અને ગૌરી ધકાલની વિભાગીય ખંડપીઠે શોભરાજને ફટકારાયેલી ૨૦ વર્ષની કેદની સજાને સમર્થન આપ્યું હતું. તેવું હિમાલયન ટાઈમ્સના અહેવાલમાં જણાવાયું હતું. વર્ષ ૨૦૦૪માં ચાર્લ્સ શોભરાજને નેપાળમાં ૧૯૭૫માં વરસમાં એક અમેરિકી પ્રવાસી કોન્નીજો બ્રોન્ઝીચની હત્યાના અપરાધ બદલ જનમટીપની સજા ફટકારી હતી. સર્વોચ્ચ અદાલતે આજે વર્ષોથી ચાલી રહેલી સુનાવણીઓ અને દર વખતે કેસનો નિવેડો લાવવાના વિલમ્બ બાદ શોભરાજની અપીલ સામે આવો ચુકાદો આપ્યો હતો.




## મુંદરામાં અદાણીનું ત્રીજું વીજ એકમ શરૂ

### ૩૩૦ મે.વો. ઉત્પાદન ક્ષમતા : ૨૦૧૨ સુધી મુંદરાને દેશનો સૌથી મોટો વીજ પ્લાન્ટ બનાવાશે

મુંદરા, તા. ૩૦ : અદાણી ગ્રુપની ઊર્જા ક્ષેત્રની કંપની અદાણી પાવર લિ. (એપીએલ) દ્વારા મુંદરા ખાતે આજથી તેના ૩૩૦ મે.વો.નું ત્રીજું એકમ કાર્યરત કરવામાં આવ્યું છે. આ એકમ કાર્યાન્વિત થવાની સાથે મુંદરા વીજ પ્લાન્ટની ક્ષમતા ૯૯૦ મેગાવોટ થઈ છે. માર્ચ-૨૦૧૨ સુધી તબક્કાવાર વીજ એકમો કાર્યરત કરી મુંદરા વીજ પ્લાન્ટને દેશનો સૌથી મોટો વીજ પ્લાન્ટ બનાવવાની નેમ કંપનીએ ઉચ્ચારી હતી.



આ પ્રસંગે જૂથના વડા ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, મુંદરા અમારો ફ્લેગશિપ પ્લાન્ટ છે અને અમે નિયત સમયમાં વીજ એકમો સ્થાપિત કરી શક્યા છીએ તેનો સંતોષ છે. ૩૩૦ મે.વો. ક્ષમતાના ચોથા એકમ ઉપરાંત સુપર ક્રિટીકલ ટેક્નોલોજી ધરાવતા ૬૬૦ મે.વો.ના એકમને આ વર્ષના અંત સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે.

ઊર્જા વ્યાપારના ક્ષેત્રમાં અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને ૨૦૧૩ અગાઉ ૧૬૦૦ મે.વો.ની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાની આશા છે તેવું કહી તેમણે ઉમેર્યું કે, મુંદરા, તિરોડા, કવાઈ, દહેજ, ભદ્રેશ્વર અને છીંદવાડા સહિતની પરિયોજના પૂર્વ નિર્ધારિત લક્ષ્યો સાથે આગળ ધપી રહી છે.

દરમ્યાન, કંપનીના સીઈઓ રવિ શર્માએ એક વ્યાપારિક ચેનલને આપેલી મુલાકાતમાં મુંદરાને માર્ચ-૨૦૧૨ સુધીમાં દેશનો સૌથી મોટો વીજ પ્લાન્ટ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

